## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




છુટ્ટા ન હોય તો... લો આ બે હજાર... અમારા ચાર જણા રોજ આવીશું... પુરા થાય એટલે કહેજો..

### પીઆઈયુ વિભાગ દ્વારા રૂપીયા ભરાયા છતા

# શહેરની હોસ્પિટલને નર્મદાનું પાણી મળતું નથી...!

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી નર્મદાના પાણી માટેની ફાઈલ ચાલી રહી છે. પરંતુ નર્મદાનું પાણી હોસ્પિટલના નસીબમાં ન હોય તેવું લાગી રહ્યું છે. પીઆઈયુ વિભાગ દ્વારા અંદાજે દોઢ લાખ રૂપીયા તંત્રમાં ભરવામાં આવ્યા છે પરંતુ બાકી રહેતા રૂપીયા મેડીકલ સોસાયટીને ભરવાના છે. મેડીકલ સોસાયટીએ ઉચ્ચકક્ષાએ રૂપીયાની મંજુરી માટે ફાઈલ મુકી છે. પરંતુ આ ફાઈલ જ જાણે ગાયબ થઈ હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. અત્યારે હાલના સમયે હોસ્પિટલને માત્ર સંકુલમાં આવેલ બોરમાંથી પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે. જો કે નર્મદાના પાણીની લાઈનનું જોડાણ કરવામાં આવે તો રોજનું ચાર લાખ લીટર નર્મદાનું પાણી હોસ્પિટલને મળી રહે તેમ છે. આ પાણી હોસ્પિટલને મળી જાય તો દર્દીઓ દ્વારા ઉઠતી પાણીની પોંકાર શમી જાય તેમ છે. નર્મદાના પાણી અંગેની ફાઈલ ક્યાં અટવાઈ છે તે કોઈ જાણતુ નથી જેને પગલે સમગ્ર મામલો ગુંચવાઈ ગયો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા

**પાણી કનેકશન ઘોંચમાં પડ્યું**

સંચાલિત હોસ્પિટલમાં સમયાંતરે દર્દીઓ પાણી માટે વલખા મારે છે. દર્દીઓને પીવાના મળતા નથી તેમજ જીવનજરુરી વપરાશ માટે પણ પાણી નહી મળતા દર્દીઓ તેમજ સ્નેહીજનો બુમરાડ મચાવી ઉઠે છે. ત્યારે સિવિલ સંકુલમાં અત્યારે હાલની સ્થિતિમાં પાણી પહોંચાડવા માટે બે બોર છે જેમાં એક બોર બંધ હાલતમાં છે અને એક જ બોર કાર્યરત છે. હોસ્પિટલ તંત્ર દ્વારા નર્મદાના પાણી માટેની કવાયત હાથ ધરાઈ હતી. જેમાં અંદાજીત પંદર લાખથી વધુની રકમ ભરપાઈ કરવાની હતી.તેમાંથી સંકુલની મેઈન્ટેન્સની જવાબદારી સંભાળતા પીઆઈયુ વિભાગ તરફથી નર્મદાના પાણી માટે અંદાજીત દોઢ લાખ રૂપીયા ભરપાઈ કરવામાં આવ્યા છે. ત્યારે સોસાયટી તંત્ર દ્વારા બાકીની રકમ માટે મંજુરી મેળવવા માટે આગળ ફાઈલ મુકવામાં આવી હતી. પરંતુ આ ફાઈલ ક્યાં અટવાઈ છે તે કોઈ જાણતુ નથી. અને તંત્ર રૂપીયા ભરપાઈ ન થાય ત્યાં સુધી નર્મદાનું પાણી હોસ્પિટલને આપી શકે તેમ નથી. ત્યારે પાણીની ફાઈલમાં ક્યાં અને કોણે ગુંચ ઉભી કરી છે તે કોઈને સમજાતું નથી પરંતુ પાણીનો પ્રશ્ન ગુંચવાઈ ગયો છે તેવું હાલની સ્થિતિ પરથી લાગી રહ્યું છે.

## જિલ્લામાં ૧૨ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન ૬ બાળમેળાનું શિક્ષણતંત્ર દ્વારા આયોજન

### જીવન કૌશલ્ય આધારિત બાળમેળાઓ યોજાશે : દહેગામ-ગાંધીનગરમાં બે-બે તથા માણસા-કલોલમાં ૧-૧ મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૬

આગામી ૧૨ થી ૧૯ ડિસેમ્બર દરમ્યાન ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના ધો. ૬ થી ૮ના બાળકો માટે જીવન-કૌશલ્ય આધારિત બાળ મેળાઓનું આયોજન કરાશે. જિલ્લામાં બાળમેળાઓ યોજવાનું આયોજન છે. જેમાં ગાંધીનગરમાં બે, દહેગામમાં બે અને કલોલ માણસામાં એક-એક મેળો યોજાશે.

ગુણવત્તાસભર શિક્ષણ બનાવવાના ભાગરૂપે આ બાળમેળાઓનું આયોજન કરવામાં આવી રહ્યાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાનો પ્રથમ બાળમેળો કલોલના બાલવા ખાતે ૧૨મી ડિસે.ના રોજ, માણસા તાલુકાનો સૌલેયા ખાતે ૧૪મી ડિસે.ના રોજ યોજવામાં આવશે.

દહેગામનો પ્રથમ બાળમેળો ૧૫મી ડિસે.ના રોજ ભગુજીના મુવાડા ખાતે તથા બીજો બાળમેળો ૧૬મી ડિસે.ના રોજ જલુન્દ્રા મોટા ખાતે યોજાશે. ગાંધીનગરનો પ્રથમ બાળમેળો ૧૭ ડિસે.ના રોજ આલમપુર પ્રા. શાળા ખાતે તથા બીજો બાળમેળો ૧૯મી ડિસે.ના રોજ સે. ૬ની પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવશે.

ગાંધીનગરના પ્રથમ બાળમેળામાં પેથાપુર, કોલવડા, સરઢવ, રાંધેજા, ડભોડા, દો. વાસણા, સાદરા, નવા પીંપળજ, આદરજ મોટી, વલાદ, ચિલોડા, દશેલા, છાલા, વડોદરા સહિતની પ્રા. શાળાઓ ભાગ લેશે.

જ્યારે ગાંધીનગરના બીજા બાળમેળામાં ગાંધીનગર શહેર ઉપરાંત ટીંટોડા, પુન્દ્રાસણ, ઉવારસદ, ચાંદખેડા, કોબા, અડાલજ, શેરથા, ભાટ, પોર અને લવારપુરની પ્રા. શાળાના બાળકો ભાગ લેશે.



સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસે આજરોજ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેઓએ હોસ્પિટલના આઈસીયુ વોર્ડ, ડાયાલિસીસ વોર્ડ, મેલ-ફિમેલ મેડીકલ વોર્ડ, તાત્કાલિક વિભાગ સહિતના સ્થળોની મુલાકાત લઈ દર્દીઓને મળીને પુછપરછ કરી હતી. આ સફાઈ અંતર્ગત રાઉન્ડ દરમિયાન તેઓએ હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડૉ. બિપિન નાયકને જરૂરી સુચનો પણ કર્યા હતા. આ પ્રસંગે રાઉન્ડ દરમિયાન હોસ્પિટલના આરએમઓ ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, આસીસટન્ટ આરએમઓ ડૉ. કલ્પેશ જશપરા, નર્સિંગ સુપ્રીટેન્ડેન્ટ જાગૃતિબેન પટેલ, એસઆઈ ભરત બારોટ, પ્રકાશ પરમાર, એ.એમ.એ. ટ્વીંકલબેન તેમજ સીક્યુરીટી સુપરવાઈઝર મુકેશભાઈ અને રાજદીપના સુપરવાઈઝર કનુભાઈ, રાકેશભાઈ હાજર રહ્યા હતા.

## સે-૨૪ અને ૬ માં ભયજનક ચાર બ્લોક તોડી નાંખવા માટે દરખાસ્ત

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ પણ સેકટરોમાં સ્થિત સરકારી મકાનો ભયજનક માલુમ પડે તો ત્વરિત આવા પ્રકારના સરકારી બ્લોકને તોડી નાંખવા માટે દરખાસ્ત કરવામાં આવે છે. અગાઉ સે -૭ માં પણ જોખમી બ્લોક તોડી નાંખવામાં આવ્યા હતા. હાલ સે-૨૪ અને સે-૬ માં પણ અન્ય ચાર ભયજનક બ્લોક તોડી નાંખવા માટે દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવા માટે લાંબા સમયના અંતે નિર્ણય લેવાતા તબક્કાવાર તમામ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હાલ નિકાલ હેઠળના મકાનોના ઠેકાણે નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવાનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. આ જગ્યાએ કર્મચારીઓ માટે આધુનિક આવાસોના નિર્માણનુ કામ ચાલી રહયુ છે. આ કાર્યયોજના પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે થોડા સમય અગાઉ ટાવર કોલાની માટે નવા સ્થળની પણ પસંદગી કરવામાં આવી છે. સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવામાં આવશે. નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ હાલ પણ સેકટરોમાં ભયજનક મકાનો અંગે સર્વે ચાલી રહયો છે. જેમાં જોખમી માલુમ પડતા બ્લોકને ત્વરિત તોડી નાંખવા માટે પણ તંત્ર દ્વારા વિભાગને જાણ કરવામાં આવે છે. સે-૬ અને સે-૨૪ માં આ પ્રકારના બ્લોક તોડી નાંખવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સે-૨૪ માં જ-૧ કક્ષાના બે બ્લોક તોડી નાંખવા માટે પણ નિર્ણય લેવાયો છે. જયારે સે-૬ માં પણ ચ-૧ કક્ષાના બે બ્લોકમાં પણ ઉપરના માળ દુર કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. ટુંકમાં જ દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ ભયજનક બ્લોક તોડી નાંખવામાં આવશે.

## વાઈબ્રન્ટ સમિટમાં સુરક્ષાને પગલે પોલીસનો અલાયદો ‘વાઈબ્રન્ટ સેલ’

ગાંધીનગર, તા. ૬

જાન્યુઆરી માસમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને પગલે પોલીસતંત્ર તથા વહીવટીતંત્રએ પુરજોશમાં સમિટને લગતી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટમાં આવનાર વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસે અલાયદા બાઈબ્રન્ટ સેલની રચના કરી છે. આ વાઈબ્રન્ટ સેલમાં ૨૫ આઈ.પી.એસ. ઉપરાંત વાઈબ્રન્ટ સમિટિના બંદોબસ્તના અનુભવી ડી.વાય.એસ.પી., પી.આઈ. અને પી.એસ.આઈ. કક્ષાના ૧૧ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. માઈક્રો લેવલે સિક્યુરીટી પોઈન્ટ ઓફ વીવથી બંદોબસ્ત સ્કીમ તૈયાર કરવામાં આવશે.

**૨૫ આઈપીએસ અધિકારીઓ વીવીઆઈપી મહેમાનોની સલામતી માટે બંદોબસ્ત સ્કીમ બનાવશે : છેલ્લા ત્રણ વાઈબ્રન્ટ સમિટમાં બંદોબસ્તના અનુભવી ૧૧ ડીવાયએસપી, પીઆઈ અને પીએસઆઈનો વાઈબ્રન્ટ સેલમાં સમાવેશ**

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭નું આયોજન ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે થશે. આ સમિટમાં મોટા બિઝનેશમેન, રાજકીય નેતાઓ, ઉચ્ચ અધિકારીઓ તથા કલાકારોની વિશેષ ઉપસ્થિતિ રહેતી હોવાથી તમામ વીવીઆઈપી મહાનુભાવોની સલામતીને ધ્યાને લઈ પોલીસ દ્વારા બારીકાઈથી બંદોબસ્ત સ્કીમ બનાવવામાં આવી રહી છે. આ બંદોબસ્ત સ્કીમમાં કોઈ ઉણપ ન રહે તે માટે વાઈબ્રન્ટ સેલ તૈયાર કરવામાં આવ્યો છે અને ૨૫ આઈપીએસ અધિકારીઓ બંદોબસ્ત સ્કીમને આખરી ઓપ આપશે. છેલ્લા ત્રણ વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન બંદોબસ્ત કરી ચુકેલા અનુભવી પોલીસ અધિકારીઓને ખાસ આ સેલમાં મુકવામાં આવ્યા છે.

પીએસઆઈ, પીઆઈ અને ડીવાયએસપી કક્ષાના આવા ૧૧ અનુભવી પોલીસ અધિકારીઓનો વાયબ્રન્ટ સેલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વીવીઆઈપી મહાનુભાવોની સલામતી વ્યવસ્થામાં કોઈ કચાશ ન રહે તેની ખાસ કાળજી રાખવામાં આવી રહી છે.

## તામિલનાડુના મુખ્યમંત્રી સ્વ. જયલલીતાને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની શ્રધ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તામિલનાડુના મુખ્યમંત્રી સુશ્રી જયલલીતાના દુઃખદ અવસાન અંગે ગુજરાત સરકાર અને ગુજરાતના સૌ નાગરિકો વતી ઊંડા દુઃખની લાગણી વ્યકત કરી સદગતને શોકાંજલિ પાઠવી છે.

સુશ્રી જયલલીતા એ તામિલનાડુના જન જનના હૃદયમાં ‘અમ્મા’ તરીકે લોકચાહના પ્રાપ્ત કરી હતી તેમજ મહિલા સશકિતકરણ માટે જે નવતર પહેલ અને ગરીબ વર્ગોના ઉત્થાન માટે જે અભિયાનો ઉપાડયા હતા તે કાર્યોદ્વારા તેમણે લાખો લોકોનો સ્નેહ સંપાદિત કર્યો હતો.

સુશ્રી જયલલીતાના આ સેવાકાર્યોની નોંધ લેતાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તામિલનાડુના નાગરિકોના દુઃખમાં સમગ્ર ગુજરાત સહભાગી છે તેમ પણ શોકાંજલિ વ્યકત કરતાં જણાવ્યું છે.

## આદિવાસીઓની સ્વપાર્જીત મિલ્કત પર મહેસુલી કલમો લગાડવાનું બંધ કરો : કોટવાલ

### રાજ્યના મુખ્યમંત્રીને ધારાસભ્ય કોટવાલે પાઠવેલા પત્રમાં અન્યાયની લાગણી દર્શાવી

ગાંધીનગર, તા. ૬

આદિવાસીઓની જમીન ઉપર મહેસુલી કાયદાની કલમો લગાવવાથી આદિવાસી સમાજને અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની ગંભીર રજુઆત કોંગી ધારાસભ્ય અશ્વિન કોટવાલે મુખ્યમંત્રી રૂપાણીને કરી છે.

મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં કોટવાલે જણાવ્યુ છે કે આદિવાસીઓની જમીન ઉપર જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩એએ લગાડવામાં આવે છે તે કલમ આદિવાસીઓની સ્વપાર્જિત મિલકત ઉપર ના લગાડવા મે અગાઉ અનેક વખત રજૂઆતો કરી છે તથા વિધાનસભાની ચર્ચા દરમિયાન પણ મે રજૂઆતો કરી છે. છતાં આજદિન સુધી તેનો ઉકેલ આવેલ નથી. જેના કારણે આદિવાસી સમાજના લોકોએ વડીલોપાર્જિત સિવાયની ખરીદેલ સ્વપાર્જિત સ્થાવર મિલકતના ખરીદ-વેચાણમાં ખુબજ હાલાકી ભોગવવી પડે છે અને મોટુ આર્થિક નુકશાન સહન કરવું પડે છે.

દા.ત. કોઈ આદિવાસી રાજકોટ ખાતે નોકરી અર્થે ગયેલ હોય અને ત્યાં જમીન અથવા મકાન ખરીદે અને વસવાટ કરે પરંતુ તેની નોકરી પુરી થયા બાદ તે મિલકત વેચીને વતનમાં પરત આવવું હોય ત્યારે તેની મિલકત ઉપર ૭૩એએ કલમ લગાડવામાં આવતી હોવાથી તેની જમીન અથવા મકાન અન્ય સમાજના લોકો કાયદાનો બાધ નડતો હોવાને કારણે ખરીદી શકતા નથી તેથી તે મિલકતનું વેચાણ કરવામાં ખુબજ અગવડતા પડે છે તથા તે મિલકત ઘણી વખત ખુબ જ ઓછા ભાવથી વેચાણ કરવી પડે છે. જેના કારણે તેણે ખોટી હાલાકી ભોગવવી પડે છે.

ટુંકમાં ગુજરાતમાં આદિવાસીઓની જમીન ઉપર જે કલમ ૭૩એએ લાગેલ છે તેને હટાવવામાં આવે એવી રજૂઆત નથી પરંતુ કોઈ આદિવાસી ગુજરાતના અમદાવાદ, વડોદરા જેવા મોટા કે નાના શહેરોમાં બિન આદિવાસી નવીન જમીન ખરીદે કે બિન ખેતી થયેલી જમીન પર મકાન કે પ્લોટ ખરીદે તો તેની મિલકત ઉપર ૭૩એએ લગાડવામાં આવે છે તે ભારતના અન્ય રાજ્યોમાં આદિવાસી સમાજનો વ્યક્તિ આવી કોઈ મિલકત ખરીદે તો તે મિલકત ઉપર ૭૩એએ લાગતી નથી. માત્ર ગુજરાતમાં જ આ કલમ લગાડવામાં આવે છે જેના કારણે ગુજરાતના આદિવાસી સમાજને નુકશાન થઈ રહ્યું છે.



શહેરમાં દબાણ તો થયા જ કરે છે. તંત્ર દ્વારા ‘કહેવાતી કામગીરી નામની જ થાય છે’. ફક્ત દેખાડા પૂરતી જ. ઘ-રોડ પર ૬/૭ના બસ સ્ટેન્ડ પાસે સેક્ટર-૬નાં પ્રવેશ રસ્તાની બંને બાજુ ગરમ કપડાંના પાથરણાં પાથરી વેચાણ કરી રહ્યા છે. જેને કારણે ટ્રાફીક જામનાં દશ્યો સર્જાય છે અને અકસ્માતની પૂરેપૂરી સંભાવના રહે છે. અગાઉ સ્થાનિક કોર્પોરેટર દ્વારા પાથરણાં હટાવવાની સૂચના અપાઈ હતી પરંતુ તેમાંય દાદાગીરી કરી ‘થાય તે કરી લો નહીં હટાવાય’ આવી ભાષા દબાણકર્તાઓ દ્વારા ઉચ્ચારવામાં આવે છે ત્યારે કહેવાતા અધિકારીઓ સામે શંકાની સોય સેવાય છે. હવે ઉકેલ કેવી રીતે થશે ? આવા કંઈક સવાલો સ્થાનિકોમાં ઉઠવા પામ્યા છે.

## આજે રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ રહેશે

ગાંધીનગર, તા.૬

ભારત સરકારે આજે ઊંડા દુઃખની સાથે જાહેરાત કરી છે કે ચેન્નઈમાં ગઈકાલે તમિલનાડુના મુખ્યમંત્રી સેલ્વી જે જયલલિતાનું નિધન થયું છે.

કેન્દ્રએ નિર્ણય લીધો છે કે દિવંગત ગણમાન્ય આત્માના સમ્માનમાં દિલ્હી અને તમિલનાડુ સહિત દરેક રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીઓમાં રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ રહેશે.

સરકારે દિવંગત નેતાના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સમ્માન સાથે આજે સાંજે ૪.૩૦ કલાકે ચેન્નઈમાં કરવાનો પણ નિર્ણય લીધો છે.

## સરકારમાં ભરતી માટેની ‘ઓજસ’ વેબસાઈટ વારંવાર ઠપ થતા ઉમેદવારોમાં રોષ

ગાંધીનગર, તા.૬

રાજય સરકારની ઓનલાઈન જોબ એપ્લીકેશન સીસ્ટમ સાઈટ છેલ્લા ત્રણ દિવસથી જામ થઈ જતા નોકરી વાંચ્છુક ઉમેદવારો હેરાન પરેશાન થઈ ગયા છે. દરરોજ હજારો ઉમેદવાર આ સાઈટનો ઉપયોગ કરતા વારંવાર આ ઓજસ સાઈટ હેંગ થઈ જતા કલાકોના કલાકો સુધી પેજ પર માત્ર એરર જ બતાવે છે. વારંવારની સર્જાતી ખામી દૂર કરવામાં આવે તેવી ઉમેદવારોમાં માંગ ઉઠવા પામી છે.

રાજય સરકાર દ્વારા સરકારના વિવિધ વિભાગોમાં ખાલી જગ્યાઓ ભરવા સરકારની સત્તાવાર વેબસાઈટ ઓજસ પર જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે ત્યારે હાલ પંચાયત પસંદગી સેવા સમિતિની વિવિધ વર્ગ-૩ની જાહેરાત બહાર પડવામાં આવી છે. જેમાં જુનિયર

**વેબસાઈટના પેજ પર માત્ર એરર જ દેખાતા અસંખ્ય ઉમેદવારો ફોર્મ ભરવાની રાહ જોઈ રહ્યા છે**

કલાર્ક, ફિમેલ હેલ્થ વર્કર, તલાટી કમ મંત્રી, ગ્રામ સેવક અને સેનેટરી ઈન્સ્પેકટરનો સમાવેશ થાય છે. ઉપરાંત નાયબ ચીટનીશ અને અન્ય કેટલીક ભરતીઓ માટે પણ ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ છે પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી ઓજસ વેબસાઈટ સંપૂર્ણ પણે જામ થઈ ગઈ છે. દરરોજ હજારોની સંખ્યામાં નોકરી મેળવવા ઈચ્છતા યુવાનો સાઈટ પર ફોર્મ ભરી રહ્યા છે. આથી દિવસ રાત સાઈટ પર માત્ર એરર જ દેખાય છે. પરિણામે ઉમેદવારોમાં નિરાશા વ્યાપી જવા પામી છે. વારંવાર સાઈટ જામ થવાની ઘટના પ્રકાશમાં આવે છે તેમ છતાં તંત્રના અધિકારી કોઈ પણ પ્રકારની દરકાર લેવા તૈયાર નથી. આમ એક બાજુ સરકાર જાહેરાત બહાર પાડી યુવાનોને નોકરીમાં જોડાવવાની વાત કરે છે પરંતુ બીજી તરફ ફોર્મ ભરવાની સાઈટ જ વારંવાર જામ થઈ જાય છે. તેમ છતાં અધિકારીઓ કોઈ કાર્યવાહી નથી કરતા અને હેલ્પલાઈન નંબર પણ કોઈ ઉપાડવા તૈયાર નથી. આમ વારંવાર જામ થઈ જતી ઓજસ વેબસાઈટને વધુ આધુનિક બનાવી એરર સીસ્ટમ ને દૂર કરવામાં આવે સત્વરે તેવી નોકરી વાંચ્છુક ઉમેદવારોમાં માંગ ઉઠવા પામી છે.

## વાજપેયીના જન્મદિવસને ભવ્ય રીતે ઉજવવા તૈયારી

અમદાવાદ, તા.૬

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસને સુશાસન દિવસ તરીકે મનાવવામાં આવશે. આ અંગેની વિસ્તૃત માહિતી આપતા પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયાએ જણાવ્યું હતું કે, કાર્યકર્તાઓના પરિશ્રમથી હાલ આપણે રાજ્ય અને કેન્દ્રમાં સત્તા ઉપર છીએ. સમાજમાં આપણા સરકારની કામગીરીઓ પ્રજા સુધી પહોંચાડી શકીએ તે માટે ૨૫ ડિસેમ્બર સુશાસન દિવસના દિવસે મંડલ સ્તરે પક્ષના બેનર હેઠળ સુશાસન દિવસ અંગે સંકલ્પ લેવડાવવો. ઉપરાંત સુશાસન યાત્રા થકી રાજ્ય અને કેન્દ્ર સરકારની ઉપલબ્ધીઓ પ્રજા સુધી પહોંચાડવાની રહેશે.

## આજે ગાંધીનગર ખાતે ડિજીટલ બેન્કીંગ અને કેશલેસ પેમેન્ટ સંદર્ભે સેમીનાર

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં ડિજીટલ બેન્કીંગ અને કેશલેસ પેમેન્ટનો વ્યાપ વધે તે માટે અનેકવિધ જનજાગૃતિ કાર્યક્રમ-તાલીમ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ગુજરાત ડિજીટલ બેન્કીંગ ક્ષેત્રે દેશનું અગ્રેસર રાજ્ય બને તે માટે રાજ્ય સરકાર દ્વારા આજે તા.૭મી ડિસેમ્બર-૨૦૧૬ના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષે ડિજીટલ બેન્કીંગ અને કેશલેસ પેમેન્ટ અંગે સૌથી મોટા જનજાગૃતિ અને તાલીમ સેમીનારનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

સ્વર્ણિમ સંકુલ-૧ના નર્મદા હૉલ ખાતે બપોરે ૧૨-૩૦ કલાકે યોજાનાર આ સેમીનારમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને મહેસુલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત મંત્રી મંડળના સભ્યો ડિજીટલ બેન્કીંગના પ્રચાર-પ્રસાર માટે પ્રેરક માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમનું બાયસેગના માધ્યમ દ્વારા ઇ-ગ્રામ નેટવર્ક અને ડી.ડી. ડાયરેકટ(ડી.ટી.એચ.) ગુજરાતી ‘વંદેગુજરાત’ ચેનલ પરથી જીવંત પ્રસારણ કરાશે. જેનો લાભ ૧૪ હજારથી વધુ ગામોના બી.આર.સી., સી.આર.સી કો-ર્ડિનેટર સહિત જિલ્લા-તાલુકા કક્ષાના અધિકારીઓ સહિત ગ્રામ્ય, તાલુકા અને રાજ્યના નાગરિકોને મળશે.

રાજ્યમાં ડિજીટલ ઈકોનોમી-ડિજીટલ પેમેન્ટનો વ્યાપ વધારવાના આશયથી યોજાયેલ સેમીનારના જીવંત પ્રસારણ દરમિયાન તાલીમ અપાશે. તેનો લાભ ખેડૂતો, દૂધ ઉત્પાદક સહકારી સંઘો, સહકારી મંડળીના સભ્યો-નાના વેપારીઓ, શિક્ષકો, આંગણવાડી વર્કરો, આશાવર્કરો, સસ્તા અનાજની દુકાનોના વેપારીઓ, એ.પી.એમ.સી., તાલુકા ખરીદ-વેચાણ સંઘો, પી.એચ.સી., સી.એચ.સી., નગરપાલિકા, જિલ્લા પંચાયતના સભ્યો-કર્મચારીઓ, જિલ્લા ખરીદ-વેચાણ સંઘો સહિત નગરજનો અને અધિકારીઓને મળશે. રાજ્ય સરકાર દ્વારા આયોજિત આ સેમીનારનો નાગરિકો બહુધા પ્રમાણમાં લાભ લે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિનંતી કરાઈ છે.